For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### વોર્ડ ઓફિસથી ધક્કા મળતા રોષે ભરાયેલી મહિલાઓએ કોર્પોરેશન સામે ગજવ્યા સૂત્રોચ્ચાર

# હુજરાતપાગામાંદૂષિત-અપૂરતાપાણીથીત્રાહિમામ મહિલાઓનો કમાટીબાગ ટાંકી પર હલ્લાબોલ

**બે દિવસમાં** ઉકેલ નહીં આવે તો ઉગ્ર આંદોલનની ચીમકી

(પ્રતિનિધિ) વડોદરા તા.26

વડોદરા શહેરમાં ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે પાણીની સમસ્યા દિવસેને દિવસે વધુ ગંભીર બની રહી છે. શહેરના ભૂતડીઝાંપા વિસ્તાર નજીક આવેલા હુજરાત પાગા વિસ્તારમાં છેલ્લા લાંબા સમયથી દૂષિત અને અપૂરતા પાણીની સમસ્યાને કારણે સ્થાનિક રહીશોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. વારંવારની રજૂઆતો છતાં તંત્ર દ્વારા કોઈ કાયમી ઉકેલ ન લાવવામાં આવતા આજે સ્થાનિક મહિલાઓએ કમાટીબાગ પાણીની ટાંકી ખાતે પહોંચી ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, હુજરાત પાગા વિસ્તારમાં આશરે 100 જેટલા મકાનો આવેલા છે અને છેલ્લા એક વર્ષથી અહીં પાણીની ગંભીર સમસ્યા યથાવત છે. વિસ્તારમાં પાણીનો પુરવઠો પૂરતા પ્રમાણમાં મળતો નથી અને જે પાણી આવે છે તે પણ ગંદુ તથા દૂષિત હોવાનું રહીશો જણાવી રહ્યા છે. ગંદા પાણીના કારણે રોગચાળો ફાટી નીકળવાની ભીતિ વચ્ચે સ્થાનિકો ભારે ચિંતામાં મુકાયા છે. રહીશોએ અનેક વખત વોર્ડ કચેરી ખાતે લેખિત તેમજ મૌખિક રજૂઆતો



કરી હોવા છતાં આજદિન સુધી કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી.

મંગળવારે સવારે પાણીની સમસ્યાથી કંટાળેલા રહીશો વોર્ડ નંબર-7ની કચેરીએ રજૂઆત કરવા પહોંચ્યા હતા. જોકે, ત્યાંથી તેમને કમાટીબાગ પાણીની ટાંકી ખાતે જવા જણાવાતા મહિલાઓ વધુ રોષે ભરાઈ હતી. ત્યારબાદ મહિલાઓનો મોરચો સીધો કમાટીબાગ પાણીની ટાંકી ખાતે પહોંચ્યો હતો, જ્યાં મહિલાઓએ પાલિકા વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી ઉગ્ર હોબાળો મચાવ્યો હતો. જો આગામી બે દિવસમાં સમસ્યાનો કાયમી ઉકેલ નહીં આવે તો વધુ ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે.

ઉલ્લેખનીય છે કે, હુજરાત પાગા વિસ્તારમાં કારેલીબાગ પાણીની ટાંકી મારફતે પાણીનું વિતરણ કરવામાં આવે છે. રહીશો કમાટીબાગ પાણીની ટાંકી ખાતે વિરોધ કરી રહ્યા હોવાની જાણ થતાં જ કોર્પોરેશનના જવાબદાર અધિકારીઓ અને કર્મચારીઓ સ્થળ પર દોડી આવ્યા હતા. તેમણે આક્રોશિત મહિલાઓને સમજાવવાનો પ્રયાસ કરી તાત્કાલિક ટેકનિકલ ટીમ મોકલી તપાસ હાથ ધરવાની ખાતરી આપી હતી. તંત્રના આશ્વાસન બાદ હાલ મામલો શાંત પડ્યો છે, પરંતુ રહીશોમાં હજી પણ કોર્પોરેશનની કામગીરી સામે ભારે નારાજગી જોવા મળી રહી છે.

### પગાર ન મળતા સુપરવાઇઝરો પર શોષણના આક્ષેપ

# મ.સ.યુનિવર્સિટીમાં સિક્યુરિટી કર્મચારીઓની અચાનક હડતાળ

**ફાલ્કન** એજન્સીના કર્મચારીઓએ એક્સપેરિમેન્ટલ સ્કૂલે સુપરવાઈઝરને ઘેર્યા

**મોડીરાત્રે** 8 પગાર ચૂકવાતા હડતાળ સમેટાઇ, તંત્રની કામગીરી સામે સવાલ



(પ્રતિનિધિ) વડોદરા,તા.26

વિશ્વવિખ્યાત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં સુરક્ષા વ્યવસ્થાને લઈને ફરી ગંભીર સવાલો ઊભા થયા છે. દર મહિને લાખો રૂપિયાનો ખર્ચ થવા છતાં કેમ્પસની સિક્યુરિટી વ્યવસ્થા વારંવાર વિવાદોમાં સપડાઈ રહી છે. તાજેતરમાં પગાર અને શોષણના મુદ્દે સિક્યુરિટી કર્મચારીઓ અચાનક હડતાળ પર ઉતરી જતા સમગ્ર કેમ્પસ કલાકો સુધી સુરક્ષા વિહોણું બન્યું હતું.

યુનિવર્સિટીની સુરક્ષા સંભાળતી ફાલ્કન સિક્યુરિટી એજન્સીના કર્મચારીઓને લાંબા સમયથી સમયસર પગાર ચૂકવાતો ન હોવાના આક્ષેપો સામે આવ્યા હતા. સાથે જ સુપરવાઈઝરો દ્વારા આર્થિક શોષણ અને હેરાનગતિ કરવામાં આવતી હોવાનો કર્મચારીઓએ આરોપ મૂક્યો હતો. આ મુદ્દે રોષે ભરાયેલા કર્મચારીઓએ ગતરોજ એકસાથે ફરજ છોડી હડતાળ પાડી હતી. જેના કારણે મુખ્ય દરવાજા, હોસ્ટેલ, ફેકલ્ટી અને સંવેદનશીલ વિભાગોની સુરક્ષા વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી. અચાનક સર્જાયેલી સ્થિતિને કારણે વિદ્યાર્થીઓ અને સ્ટાફમાં ચિંતાનો માહોલ ફેલાયો હતો.

હડતાળ દરમિયાન કર્મચારીઓએ એક્સપેરિમેન્ટલ સ્કૂલ ખાતે સુપરવાઈઝરનો ઘેરાવ કરી સૂત્રોચ્ચાર પણ કર્યા હતા. મામલો બિચકતા અને સુરક્ષા જોખમાતા આખરે મોડી રાત્રે કર્મચારીઓને પગાર ચૂકવવામાં આવ્યો હતો. ત્યારબાદ કર્મચારીઓ ફરજ પર પરત ફર્યા હતા. સમગ્ર ઘટનાએ યુનિવર્સિટીની સુરક્ષા વ્યવસ્થા અને વહીવટી તંત્રની કામગીરી સામે અનેક સવાલો ઊભા કર્યા છે.

### સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે વડોદરામાં ‘નરકાગાર’ જેવી સ્થિતિ : રહીશોનો આક્રોશ

# સનફાર્મા રોડ પર વુડાના આવાસમાં પાણીમાં ગટરનું પાણી ભળતા રોગચાળાની દહેશત

**‘વોટ** મેળવવા આવતા નેતાઓ હવે મોઢું નથી બતાવતા’ તેવો સ્થાનિકોનો પ્રચંડ આક્રોશ; ઉકેલ નહીં આવે તો ગાંધીનગર સુધી આંદોલનની ચીમકી



(પ્રતિનિધિ) વડોદરા તા.26

વડોદરા શહેરના વોર્ડ નંબર-11 હેઠળ આવેલા સનફાર્મા રોડ પર વન ગાર્ડનની પાછળ આવેલા ગુલાબી વુડા આવાસોમાં રહેતા રહીશો હાલ ગંભીર ડ્રેનેજ અને દૂષિત પાણીની સમસ્યાથી પરેશાન બન્યા છે. સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે વિસ્તારના લોકો પાયાની સુવિધાઓથી વંચિત રહેતા હોવાના આક્ષેપો સાથે સ્થાનિકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે.

સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ, છેલ્લા એક વર્ષથી ડ્રેનેજ લાઈન સંપૂર્ણપણે ચોકઅપ થઈ ગઈ છે. જેના કારણે ગટરના ગંદા પાણી રોડ-રસ્તાઓ ઉપરાંત લોકોના ઘરના આંગણા સુધી ઉભરાઈ રહ્યા છે. અનેક સ્થળોએ ગંદુ પાણી પીવાના પાણીના નળ સુધી પહોંચી જતા લોકોમાં રોગચાળાનો ભય ફેલાયો છે. સતત ભરાયેલા ગંદા પાણી અને દુર્ગંધના કારણે સ્થાનિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. નાના બાળકો અને વડીલોમાં તાવ, ઝાડા-ઊલટી જેવી બીમારીઓ પણ ફેલાઈ રહી હોવાનું રહીશો જણાવી રહ્યા છે.

રહીશોએ જણાવ્યું હતું કે, આ સમસ્યાને લઈને કોર્પોરેશન અને વોર્ડ કચેરીમાં અનેક વખત ફોન તેમજ રૂબરૂ રજૂઆતો કરવામાં આવી છે. તેમ છતાં તંત્ર દ્વારા માત્ર ઔપચારિક કાર્યવાહી કરવામાં આવી રહી છે. કોર્પોરેશનના કર્મચારીઓ સ્થળ પર આવી ગટરનું ઢાંકણું ખોલી તપાસ કરે છે અને જેટીંગ મશીન મોકલવાના આશ્વાસન આપી જતા રહે છે, પરંતુ કાયમી ઉકેલ લાવવામાં આવતો નથી.

સ્થાનિકોએ લોકપ્રતિનિધિઓ સામે પણ આક્રોશ વ્યક્ત કર્યો હતો. રહીશોના આક્ષેપ મુજબ, ચૂંટણી સમયે મોટા વાયદા કરનાર નેતાઓ બાદમાં વિસ્તારની મુલાકાત લેતા નથી. માત્ર ફોટા પડાવી જવાના સિવાય કોઈ નક્કર કામગીરી થતી નથી. સ્થાનિકોએ સવાલ ઉઠાવ્યો હતો કે, ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને વિકાસના નામે કેમ વંચિત રાખવામાં આવી રહ્યા છે.

હાલ સ્થાનિકોની મુખ્ય માંગ છે કે તંત્ર તાત્કાલિક ધોરણે ડ્રેનેજ લાઈનની સમસ્યાનો કાયમી ઉકેલ લાવે અને શુદ્ધ પીવાનું પાણી ઉપલબ્ધ કરાવે. જો આગામી સમયમાં સમસ્યાનો ઉકેલ નહીં આવે તો રહીશોએ ગાંધી ચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી છે.

### હવે બાબા નિમકરોલીના કૈંચીધામ જવું થશે આસાન

# પ. રેલવેએ મુંબઈ સેન્ટ્રલ-કાઠગોદામ સાપ્તાહિક વિશેષ ટ્રેનને નિયમિત બનાવી

**સાપ્તાહિક** સુપરફાસ્ટ એક્સપ્રેસ તરીકે ચલાવવામાં આવશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.26

પશ્ચિમ રેલ્વેએ મુસાફરોની સુવિધા માટે અને મુંબઈ સેન્ટ્રલ અને કાઠગોદામ વચ્ચે નિયમિત રેલ જોડાણ પૂરું પાડવા માટે ટ્રેન નં. 09075/09076 મુંબઈ સેન્ટ્રલ-કાઠગોદામ-મુંબઈ સેન્ટ્રલ સાપ્તાહિક વિશેષ ટ્રેનને નિયમિત બનાવી છે. આ નિયમિત સેવા સુધારેલી ટ્રેન નં. 21907/21908 મુંબઈ સેન્ટ્રલ-કાઠગોદામ-મુંબઈ સેન્ટ્રલ સાપ્તાહિક સુપરફાસ્ટ એક્સપ્રેસ તરીકે ચલાવવામાં આવશે.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલી યાદી મુજબ ટ્રેન નં. 21907 મુંબઈ સેન્ટ્રલ - કાઠગોદામ સાપ્તાહિક સુપરફાસ્ટ એક્સપ્રેસ 27 મે, 2026 થી મુંબઈ સેન્ટ્રલથી તેની નિયમિત સેવા શરૂ કરશે, જ્યારે ટ્રેન નં. 21908 કાઠગોદામ - મુંબઈ સેન્ટ્રલ સાપ્તાહિક સુપરફાસ્ટ એક્સપ્રેસ 28 મે, 2026 થી કાઠગોદામથી તેની નિયમિત સેવા શરૂ કરશે. ટ્રેન નં. 21907 મુંબઈ સેન્ટ્રલ - કાઠગોદામ સાપ્તાહિક એક્સપ્રેસ દર બુધવારે મુંબઈ સેન્ટ્રલથી 10:55 વાગ્યે ઉપડશે અને બીજા દિવસે 13:50 વાગ્યે કાઠગોદામ પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નં. 21908 કાઠગોદામ - મુંબઈ સેન્ટ્રલ સાપ્તાહિક એક્સપ્રેસ દર ગુરુવારે કાઠગોદામથી 17:30 વાગ્યે ઉપડશે અને બીજા દિવસે 21:00 વાગ્યે મુંબઈ સેન્ટ્રલ પહોંચશે. આ ટ્રેન બંને દિશામાં બોરીવલી, વાપી, વલસાડ, સુરત, વડોદરા, રતલામ, શામગઢ, રામગંજ મંડી, કોટા, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, ભરતપુર, મથુરા, હાથરસ સિટી, કાસગંજ, બદાયૂં, બરેલી જંક્શન, બરેલી સિટી, ઈજ્જતનગર, બહેરી, કિચ્છા, લાલકુઆં અને હલ્દવાની સ્ટેશનો પર ઉભી રહેશે. આ ટ્રેનમાં એસી 2-ટાયર, એસી 3-ટાયર, સ્લીપર અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે. ટ્રેન નંબર 09075/09076 મુંબઈ સેન્ટ્રલ - કાઠગોદામ - મુંબઈ સેન્ટ્રલ વીકલી સ્પેશિયલમાં રિઝર્વેશન ધરાવતા મુસાફરોને સુધારેલા ટ્રેન નંબરોની નોંધ લેવા વિનંતી છે કારણ કે આ ટ્રેન ઉપરોક્ત તારીખોથી ટ્રેન નંબર 21907/21908 તરીકે ચલાવવામાં આવશે.

### ફિઝિકલ માર્કશીટ વગર પણ અરજી માન્ય ,કેટેગરી બદલવાની સુવિધા શરૂ

# GCAS પોર્ટલમાં વિદ્યાર્થીઓ માટે એડમિશન ફોર્મ ભરવાની તારીખ લંબાવાઈ

**અનલોક** ઓપ્શન સહિત અનેક સુધારા, 28મી તારીખ પછી પણ ભરી શકાશે ફોર્મ

(પ્રતિનિધિ) વડોદરા,તા.26

કોલેજ પ્રવેશ પ્રક્રિયાને વધુ સરળ અને વિદ્યાર્થીમૈત્રી બનાવવા માટે જીકાસ પોર્ટલમાં મહત્વના સુધારા કરવામાં આવ્યા છે. શિક્ષણ વિભાગ દ્વારા જાહેર કરાયેલા નવા નિયમો મુજબ એડમિશન ફોર્મ ભરવાની અંતિમ તારીખ લંબાવવામાં આવી છે તેમજ વિદ્યાર્થીઓને રાહતરૂપ બને તેવી અનેક નવી સુવિધાઓ ઉમેરવામાં આવી છે. નવા શૈક્ષણિક વર્ષ દરમિયાન પ્રવેશ પ્રક્રિયામાં પારદર્શિતા અને સરળતા લાવવા આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

જીકાસ પોર્ટલ પર વિદ્યાર્થીઓ હવે આગામી 28 તારીખ બાદ પણ ઓનલાઈન એડમિશન ફોર્મ ભરી શકશે. રજીસ્ટ્રેશનના રાઉન્ડ-4 સુધી વિદ્યાર્થીઓ અરજી કરી શકશે. જે વિદ્યાર્થીઓને હજુ સુધી ફિઝિકલ માર્કશીટ મળી નથી તેઓ પણ અરજી કરી શકશે. વિદ્યાર્થીઓના બેઠક ક્રમાંક પોર્ટલ પર અપલોડ થયા બાદ ડેટા ઓટોપેચ થઈ જશે અને ત્યારબાદ અલગથી માર્કશીટ અપલોડ કરવાની જરૂર રહેશે નહીં.

આ ઉપરાંત બર્થ પ્રૂફ તરીકે એલસી સિવાય ધોરણ-10ની માર્કશીટ પણ માન્ય ગણાશે. પોર્ટલ પર ઉમેરાયેલા નવા અનલોક ઓપ્શનથી વિદ્યાર્થીઓ હવે પોતાની કેટેગરીમાં પણ ફેરફાર કરી શકશે. જનરલમાંથી રિઝર્વ અને રિઝર્વમાંથી જનરલ કેટેગરીમાં બદલાવ કરવાની સુવિધા ઉપલબ્ધ કરાઈ છે.

શિક્ષણ વિભાગના અધિકારીઓના જણાવ્યા મુજબ, આ સુધારાઓનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને પ્રવેશ પ્રક્રિયામાં પડતી મુશ્કેલીઓ દૂર કરવાનો અને વધુમાં વધુ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણની તક ઉપલબ્ધ કરાવવાનો છે. પોર્ટલમાં થયેલા આ ફેરફારોથી રાજ્યભરના હજારો વિદ્યાર્થીઓને સીધો લાભ મળશે.

અધિકારીઓએ વધુમાં જણાવ્યું હતું કે, ઓનલાઈન પ્રક્રિયા વધુ સરળ બનતા વિદ્યાર્થીઓ અને વાલીઓને કોલેજો તથા સહાય કેન્દ્રોના ધક્કા ઓછા ખાવા પડશે. ઘણા વિદ્યાર્થીઓ દસ્તાવેજોની અછત અથવા ટેકનિકલ સમસ્યાઓને કારણે સમયસર અરજી કરી શકતા ન હતા, જેને ધ્યાનમાં રાખીને આ સુધારાઓ અમલમાં મૂકવામાં આવ્યા છે. આગામી દિવસોમાં પણ વિદ્યાર્થીઓને વધુ સુવિધા મળે તે માટે પોર્ટલમાં ટેકનિકલ અપગ્રેડ અને માર્ગદર્શન વ્યવસ્થા વધુ મજબૂત બનાવવાની તૈયારી હાથ ધરાઈ રહી છે.

## લોકરક્ષક ભરતી પરીક્ષાના કોલલેટર 6 જૂનથી ડાઉનલોડ થશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.26

ગુજરાત પોલીસમાં લોકરક્ષક દળની ભરતી માટે રાહ જોઈ રહેલા ઉમેદવારો માટે લોકરક્ષક ભરતી બોર્ડે લેખિત પરીક્ષાની તારીખ જાહેર કરી છે. બોર્ડની સૂચના મુજબ, લેખિત પરીક્ષાના કોલલેટર તા. 6 જૂન, 2026થી OJASની સત્તાવાર વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકાશે. ઉમેદવારોએ કન્ફર્મેશન નંબર અને જન્મ તારીખ દાખલ કરી કોલલેટર મેળવવાનું રહેશે.

લોકરક્ષક દળની લેખિત પરીક્ષા તા.14 જૂન, 2026ના રોજ યોજાશે. પરીક્ષા કેન્દ્રની વિગતો કોલલેટરમાં આપવામાં આવશે. ઉમેદવારોને કોલલેટરની પ્રિન્ટ અને માન્ય ફોટો આઈડી સાથે રાખવાની સૂચના આપવામાં આવી છે. ઉપરાંત પરીક્ષા સમયના એક કલાક પહેલા કેન્દ્ર પર પહોંચવાનું રહેશે. ભરતી માટે મોટી સંખ્યામાં અરજીઓ થતા ઉમેદવારોને સમયસર કોલલેટર ડાઉનલોડ કરી લેવા સૂચન કરાયું છે.

### વિજયનગરથી શાકમાર્કેટના દબાણ ખસેડવાની કામગીરી દરમિયાન બબાલ

# વડોદરામાં દબાણ હટાવવા ગયેલી ટીમ પર વેપારીઓનો હુમલો: અધિકારી ઈજાગ્રસ્ત

**કુંભારવાડા** પોલીસ મથકે ફરિયાદ નોંધાયા બાદ રાજકીય નેતાઓ મેદાને પડ્યા; અંતે સમાધાનનો રસ્તો નીકળ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.26

વડોદરા શહેરના વિજયનગરના નાકાથી શાકમાર્કેટ તરફ જવાના મુખ્ય માર્ગ પર ગેરકાયદેસર દબાણો હટાવવા ગયેલી વડોદરા મહાનગરપાલિકાની દબાણ શાખાની ટીમ પર સ્થાનિક વેપારીઓ દ્વારા હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. આ બનાવને પગલે વિસ્તારમાં ભારે તંગદિલીનો માહોલ સર્જાયો હતો. દબાણ હટાવવાની કામગીરી દરમિયાન વેપારીઓ અને અધિકારીઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી થતાં મામલો હાથાપાઈ સુધી પહોંચી ગયો હતો.



માહિતી મુજબ, વિજયનગરથી શાકમાર્કેટ તરફ જતાં મુખ્ય માર્ગ પર લાંબા સમયથી ટ્રાફિકને નડતરરૂપ દબાણો અંગે ફરિયાદો મળી રહી હતી. જેના આધારે કોર્પોરેશનની ટીમ જેસીબી અને અન્ય સાધનો સાથે સ્થળ પર પહોંચી હતી. ટીમ દ્વારા લારી-ગલ્લા તેમજ ગેરકાયદે બાંધકામો દૂર કરવાની કામગીરી શરૂ કરવામાં આવતા વેપારીઓ મોટી સંખ્યામાં એકઠા થઈ વિરોધ કરવા લાગ્યા હતા. વિરોધ દરમિયાન વેપારીઓ અને કોર્પોરેશનના સ્ટાફ વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું. ઝપાઝપી દરમિયાન કોર્પોરેશનના એક અધિકારીને નાકના ભાગે ઈજા પહોંચી હોવાનું જાણવા મળ્યું છે.

સરકારી ફરજમાં રૂકાવટ અને હુમલાની ઘટનાથી રોષે ભરાયેલા અધિકારીઓ કુંભારવાડા પોલીસ સ્ટેશને પહોંચ્યા હતા અને હુમલાખોર વેપારીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. કોર્પોરેશનના અધિકારીઓ અને વેપારી મંડળના પ્રતિનિધિઓ વચ્ચે બેઠક યોજાઈ હતી. ચર્ચા બાદ બંને પક્ષો વચ્ચે સમાધાન થતાં મામલો શાંત પડ્યો હતો. હાલ વિસ્તારમાં સ્થિતિ નિયંત્રણમાં હોવાનું જાણવા મળી રહ્યું છે.

## ખજૂરના પેકેટમાંથી નીકળ્યા માંસ અને હાડકાના ટુકડા

(પ્રતિનિધિ) વડોદરા,તા.26

વડોદરામાં ખજૂરના પેકેટમાંથી માંસ અને હાડકાના ટુકડા નીકળ્યાનો ચોંકાવનારો આક્ષેપ સામે આવ્યો છે. વારસિયા જૂની આરટીઓ કચેરી પાછળ રહેતા અશોક કહારે પૂજા માટે ખરીદેલા ડાયમંડ સદગુરુ ગૃહ ઉદ્યોગ રાજકોટ બ્રાન્ડના ખજૂરના પેકેટમાંથી શંકાસ્પદ વસ્તુ મળી આવતાં આરોગ્ય વિભાગમાં લેખિત ફરિયાદ નોંધાવી છે. ફરિયાદી મુજબ, ચોખંડી બજારમાંથી ખરીદેલા 500 ગ્રામના ખજૂરના પેકેટને ઘરે ખોલતા ખજૂર જેવી દેખાતી વસ્તુ સાથે માંસ અને હાડકાનો ટુકડો જોવા મળ્યો હતો. પૂજા માટે લાવવામાં આવેલી વસ્તુમાં આવી સામગ્રી મળતા પરિવારની ધાર્મિક લાગણી દુભાઈ હોવાનું તેમણે જણાવ્યું હતું. અશોક કહારે આરોગ્ય વિભાગ સમક્ષ પેકેટમાંથી નીકળેલી વસ્તુની લેબોરેટરી તપાસ, લોકોના આરોગ્ય સાથે ચેડા ન થાય તે માટે તાત્કાલિક કાર્યવાહી અને સંબંધિત કંપની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે.

### જ્યોતિષવિદોએ પંચાંગના આધારે બુધવારે જ પદ્મિની એકાદશી મનાવવાની સ્પષ્ટતા કરી

# બુધવારે પદ્મિની એકાદશી; વ્રત કરવાથી પીડામાંથી મળશે રાહત

**અધિક** માસની શુદ્ધ એકાદશીએ વ્રત કરનારનો વૈકુંઠમાં થાય છે વાસ: જાણો મહત્વ, વ્રત કથા અને પૂજન વિધિ




(પ્રતિનિધિ) વડોદરા તા.26

પુરુષોત્તમ માસના શુક્લ પક્ષની અ ગિયારસ એટલે કે પદ્મિની એકા દશીનું હિન્દુ ધર્મમાં વિશેષ મહત્વ માનવામાં આવે છે. ચાલુ વર્ષે અધિક જેઠ સુદ અગિયારસ તા.27 મે, બુધવારના રોજ ઉજવાશે. મંગળવારે વૃદ્ધિ તિથિ હોવાને કારણે શ્રદ્ધાળુઓમાં વ્રતની સાચી તિથિ અંગે મૂંઝવણ ન સર્જાય તે માટે જ્યોતિષવિદોએ પંચાંગના આધારે બુધવારે જ પદ્મિની એકાદશી મનાવવાની સ્પષ્ટતા કરી છે. પદ્મિની એકાદશીને પુરુષોત્તમ માસમાં આવતી હોવાથી ‘કમલા એકાદશી’ તરીકે પણ ઓળખવામાં આવે છે. માન્યતા મુજબ આ દિવસે વ્રત અને વિષ્ણુ આરાધનાથી અનેક વ્રતો જેટલું પુણ્યફળ પ્રાપ્ત થાય છે.

ધાર્મિક માન્યતા મુજબ, સવારે ગંગાજળ મિશ્રિત પાણીથી સ્નાન કરી ઘરના મંદિરે અથવા પૂજાસ્થળે ભગવાન વિષ્ણુની મૂર્તિ કે છબીની સ્થાપના કરવી. ચંદન, કંકુ, અક્ષત, અબીલ-ગુલાલ અર્પણ કરી કળશ સ્થાપના સાથે દીવો પ્રગટાવવો. ત્યારબાદ ‘વિષ્ણુ સહસ્ત્રનામ’ અથવા ભગવાનના 108 નામનો પાઠ કરવો શુભ માનવામાં આવે છે. અંતે આરતી અને નૈવેદ્ય અર્પણ કરવાથી વ્રત પૂર્ણ થાય છે.

જેઓ નિરાહાર ઉપવાસ ન કરી શકે તેઓ દૂધ, ફળ અથવા એકટાણું રાખીને પણ વ્રત કરી શકે છે. સાંજે ભગવાનને શ્રીફળ અર્પણ કરી રાત્રિ જાગરણ કરવાનું વિશેષ મહત્વ છે. શાસ્ત્રોમાં પદ્મિની એકાદશીને તિથિઓમાં સર્વોત્તમ ગણાવવામાં આવી છે.

#### પદ્મિની એકાદશીની પૌરાણિક કથા

પૌરાણિક કથા અનુસાર મહિષ્મતી નગરીના રાજા કૃતવીર્યને હજારો રાણીઓ હોવા છતાં સંતાનસુખ પ્રાપ્ત ન હતું. પુત્રપ્રાપ્તિ માટે રાજા પત્ની પદ્મિની સાથે વનમાં તપ કરવા ગયા. લાંબા સમય સુધી કઠોર તપસ્યા છતાં કોઈ ફળ ન મળતા તેઓ નિરાશ થઈ ગયા હતા. એ સમયે માતા અનસૂયાએ રાણી પદ્મિનીને પુરુષોત્તમ માસની શુક્લ એકાદશીનું વ્રત કરવાની સલાહ આપી. રાણીએ નિરાહાર રહી ભક્તિપૂર્વક વ્રત અને રાત્રિ જાગરણ કર્યું. ભગવાન પુરુષોત્તમ પ્રસન્ન થઈ વરદાન આપતા રાણીએ પુત્રની માંગણી કરી. ત્યારબાદ તેમને કાર્તવીર્ય નામનો પરાક્રમી અને તેજસ્વી પુત્ર પ્રાપ્ત થયો, જેણે આગળ જતાં અદભૂત શૌર્ય પ્રદર્શિત કર્યું હતું.

#### બુધવારે વ્યતિપાત યોગનું વિશેષ મહત્વ

તા.27 મેના રોજ આખો દિવસ અને રાત્રે 3.26 વાગ્યા સુધી વ્યતિપાત યોગ રહેશે. જ્યોતિષ શાસ્ત્ર મુજબ આ યોગમાં દાન, જપ, તપ અને ઉપાસનાનું અનેકગણું ફળ મળે છે. આ દિવસે વિષ્ણુ અથવા કૃષ્ણ ભગવાનની વિશેષ પૂજા, તલનું દાન, ગાયોને ઘાસ અને બ્રાહ્મણોને દક્ષિણા આપવાથી પાપક્ષય અને પુણ્યવૃદ્ધિ થાય છે. પદ્મિની એકાદશી અને વ્યતિપાત યોગનો સંયોગ આધ્યાત્મિક કલ્યાણ માટે અત્યંત શુભ માનવામાં આવે છે. આ દિવસે કરેલી વિષ્ણુ આરાધના અને દાનથી માનસિક શાંતિ તથા અક્ષય પુણ્યની પ્રાપ્તિ થાય છે.

**- પ્રદીપ પંડ્યા,** જ્યોતિષ

### AICTEએ ટેકનિકલ કોર્સ ગણ્યા બાદ GTU હસ્તક 100 કોલેજો

# GTUએ ચાલુ વર્ષે BBA-BCAની વધુ 13 કોલેજોને મંજૂરી આપી,કુલ 12,990 બેઠકો

**BBAમાં** 4,950 અને BCAમાં 8,040 બેઠકો ઉપલબ્ધ

(પ્રતિનિધિ) વડોદરા,તા.26

ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ ટેકનિકલ એજ્યુકેશન દ્વારા બીબીએ અને બીસીએ કોર્સને ટેકનિકલ શિક્ષણ હેઠળ સમાવાયા બાદ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા ચાલુ શૈક્ષણિક વર્ષ 2026-27 માટે વધુ 13 નવી કોલેજોને મંજૂરી આપવામાં આવી છે. આ નિર્ણયથી રાજ્યમાં બીબીએ અને બીસીએ કોર્સની કુલ 1,770 બેઠકોમાં વધારો થયો છે. ટેકનિકલ અને મેનેજમેન્ટ ક્ષેત્રમાં વધતી માંગને ધ્યાનમાં રાખીને આ નિર્ણય મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે.

જીટીયુ દ્વારા બીબીએની 6 નવી કોલેજોને મંજૂરી અપાતા 810 બેઠકોનો વધારો થયો છે, જ્યારે બીસીએની 7 નવી કોલેજોને મંજૂરી મળતા 960 બેઠકો વધશે. આમ, બંને કોર્સ મળીને કુલ 13 નવી કોલેજો અને 1,770 બેઠકોનો વધારો થયો છે. નવી મંજૂરી બાદ હવે જીટીયુ હસ્તક બીબીએની કુલ 37 સંસ્થાઓમાં 4,950 બેઠકો અને બીસીએની 63 કોલેજોમાં 8,040 બેઠકો ઉપલબ્ધ થશે. એટલે કે બંને કોર્સ મળીને રાજ્યની 100 કોલેજોમાં કુલ 12,990 બેઠકો વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ બનશે.

ગત શૈક્ષણિક વર્ષ 2025-26 દરમિયાન બીબીએની 31 કોલેજોમાં 4,140 બેઠકો અને બીસીએની 56 કોલેજોમાં 7,080 બેઠકો ઉપલબ્ધ હતી. એટલે કે અગાઉ બંને મળીને 87 કોલેજોમાં 11,220 બેઠકો હતી. હવે નવા વધારાથી વિદ્યાર્થીઓને વધુ પ્રવેશ તકો ઉપલબ્ધ બનશે.

જીટીયુના સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે, પ્રવેશ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ જીકાસ પોર્ટલ પર ચાલી રહેલી ઓનલાઈન રજીસ્ટ્રેશન પ્રક્રિયા મારફતે અરજી કરવાની રહેશે. એઆઈસીટીઈ દ્વારા બીબીએ અને બીસીએને ટેકનિકલ કોર્સ જાહેર કર્યા બાદ નવી કોલેજોને મંજૂરી આપવાની જવાબદારી જીટીયુને સોંપવામાં આવી હતી. છેલ્લા બે વર્ષથી યુનિવર્સિટી દ્વારા આ કોર્સમાં સતત વિસ્તરણ કરવામાં આવી રહ્યું છે.